# એક અનોખું વ્યક્તિત્વ

## ધીરુબહેન પટેલ

દક્ષિણ ભારતની કોઈ રુઆબદાર સુંદરીને યાદ કરો એટલે વસુબહેન મારી આંખો આગળ ખડાં થઈ જાય. એ મુંબઈ રહેવા આવ્યાં ત્યારે ઑલ ઇન્ડિયા રેડિયોમાં એમનો દબદબો કંઈ ઓર જ હતો. સારા, મધ્યમ કે નકામા - એવા લેખકોનું વર્ગીકરણ બહુ જ ઝપાટાભેર કરતાં અને એ પ્રમાણે જ બધાં સાથે વ્યવહાર રાખતાં. તે અરસામાં એમને પોતાને લખવાનો શોખ જાગેલો અને એમનું પહેલું પુસ્તક મને જોવા અને તેમાં સુધારવા આપેલું, પણ એવો મોજીલો સ્વભાવ કે એ પુસ્તકમાં હું કંઈ સુધારા સૂચવું તેને ઉપરટપકે જોઈ અને અધવચ્ચે કહી દે, “મૂકોને યાર આ બધી માથાકૂટ! ચાલોને આપણે ફરવા જઈએ.” એક વાર વસુબહેનને મારી રેડિયોની સ્ક્રિપ્ટ એટલી બધી ગમી ગઈ કે તેમણે જાહેર કર્યું કે આનું તો નાટક જ થાય અને તે હું જ ભજવીશ. મારે તો કંઈ બોલવાપણું હતું જ નહીં આ વાતમાં. તે જે કરે એ હું જોયા કરું.

અમદાવાદમાં તેવું જ મુંબઈમાં પણ મિત્રમંડળ જમાવેલું. શરત ફક્ત એટલી કે વસુબહેન જ્યારે જે કંઈ કાર્યક્રમ બહાર પાડે એમાં બધાંએ વિનાવિરોધે દાખલ થઈ જવું પડે.

વસુબહેન લગ્નબંધનથી બંધાયેલાં ખરાં, પણ પછી તેમાંથી મુક્ત પણ થઈ ગયાં. છતાં, બંને જણને પરસ્પર એવો ભાવ કે જનાર્દનભાઈ ઓળઘોળ. એક વાર વસુબહેન જ્યારે તેમને મળવાં ગયેલાં ત્યારે જનાર્દનભાઈ બધાને કહી વળેલા કે ‘વસુ આવવાની છે.’

વસુબહેન જ્યારે નક્કી કરે કે ફલાણી જગ્યાએ જવું છે ત્યારે આખું મિત્રમંડળ તેમની આજ્ઞાનું પાલન કરે. એમાં મારા સ્વભાવને કારણે હું સામેલ ન થાઉં. એટલે સવારી ઊપડે મારી બા પાસે અને એમને સમજાવવાનો પ્રયત્ન કરે કે આમ ને આમ તો ધીરુબહેન ઘરકૂકડી જેવા થઈ જશે. એમણે મારી સાથે આવવું જ જોઈએ. બાને આ વાત થોડી ઘણી ગળે ઊતરે અને મને સમજાવવાનો પ્રયત્ન કરે, પણ મારે તો સમજવું જ હોય.

એમણે જ્યારે બધાંના વાળ કાપવાનું ફરમાન બહાર પાડ્યું ત્યારે મેં તેને માન્યું નહીં. એટલે તેમણે બીજો બૉમ્બ ફેંક્યો. 'તમે શું એમ માનો છો કે તમારા આટલા અમથા વાળ પર લોકો ફિદા થઈ જશે?' મારો પ્રતિભાવ ખૂબ ઠંડો; 'પણ મારે કોઈને ફિદા નથી કરવા એટલે હું વાળ નહીં કપાવું.'

રેડિયો છોડ્યા પછી એમણે એકપાત્રી નાટક ભજવેલું અને તે વખણાયેલું પણ ખરું. અમદાવાદમાં રહેવા આવ્યાં ત્યારે પણ એમનો ડાયરો તો જામેલો જ રહેતો. હું એમને છેલ્લી મળી ત્યારે એમને મનગમતું એક પર્ફ્યુમ લઈ ગઈ હતી. ઓહો! શું એમનો રાજીપો! એ વસુબહેનને બંધનમાં જકડવા મુશ્કેલ જ નહીં, અશક્ય! એવો વૃથા પ્રયત્ન શા સારુ કરું? તમે એમને મળ્યાં હો તો જ તમને એમના પૂરા વ્યક્તિત્વનો ખ્યાલ આવે.



Shanti Shah

# વિવિધરંગી (પ્રતિભા) માસી

## આશુતોષ આર. ભટ્ટ

પોતાના જ પ્રથમ નામથી ઓળખાતાં ને સંબોધાતાં ‘વસુબહેન’ મારાં માસી થાય. મારાં માતુશ્રીને ત્રણ બહેનો - મધુબહેન, વસુબહેન અને ઇન્દુબહેન. આ બધી માસીઓમાં હું એકનો એક ભાણેજ. મને ત્રણેય માસીઓએ નાનપણથી બહુ લાડ લડાવ્યાં હતાં. મારું બાળપણ આમોદની (ભરૂચ જિલ્લાનું તાલુકા ગામ) શેરીઓમાં વીત્યું, પણ અવારનવાર મોસાળ જવાનું થાય અને માસીઓ તથા મામાનો ભરપૂર પ્રેમ મળતો રહ્યો.

વસુમાસી વિવિધરંગી પ્રતિભા ધરાવતાં હતાં. તે સહૃદયી, ગૌરવશીલ, પ્રવીણ અને પ્રસન્ન વ્યક્તિત્વનાં ધની હતાં. એમનું મિત્રમંડળ બહોળું ને વિશાળ હતું. દરેક સ્તરના ને વયના એમના મિત્રો હતા. પ્રકૃતિથી હસમુખાં, હેતાળ અને ઉચ્ચ વિનોદવૃત્તિવાળાં હતાં. નિખાલસ, સ્પષ્ટવક્તા અને સમયપાલનનાં ભારે આગ્રહી. નીડર, સમાજસુધારક, ક્રાંતિકારી અને મૌલિક વિચારવાળાં. એમનું આગમન ને હાજરી આસપાસના વાતાવરણને હંમેશાં ચેતનવંતું અને ભર્યું ભર્યું કરી દેતાં હતાં.

વસુમાસીનો મારા જીવનઘડતરમાં ઘણો મોટો ફાળો છે. કૉલેજના ભણતર માટે વડોદરા જવાનું થયું અને મને વસુમાસી સાથે રહેવાનું થયું. તે સમયે વસુમાસી વડોદરા રેડિયો સ્ટેશન પર કાર્યરત હતાં. હું એક વર્ષ તેમની સાથે રહ્યો અને મને તેમના વ્યક્તિત્વના ઉપર્યુક્ત સર્વે ગુણોનો પરિચય થયો.

માસી બહારથી બહુ કડક અને અનુશાસનપ્રિય, પણ લાગણીશીલ પણ ખરાં. સમયનાં પાબંદ. એમાં જરાય બાંધછોડ તેમને ના ગમે. મને આ અંગે ઘણા અનુભવો થયા. તે એક ડાયરી રાખતાં. મારી ભૂલ થાય કે તેમાં નોંધી લે. પછી મને સમજાવે ને મારી પાસે માફીપત્ર લખાવે. આ અનુશાસનને કારણે મારા જીવનમાં ઘણો બદલાવ આવ્યો. મારા જીવનમાં પણ તેમના જેવી નાટક અંગેની રુચિ પેદા થઈ, તેમના જેવી વિનોદવૃત્તિ પણ આવી.

માસીની વડોદરાથી બદલી થઈ પછી એમની સાથે રહેવાનું ના બન્યું, પણ 1984 પછી જ્યારે હું અમદાવાદ સ્થાયી થયો ત્યારે ફરીથી તેમનું સાંનિધ્ય પ્રાપ્ત થયું. તેમના આનંદમ્ ગ્રુપમાં હું પણ જોડાયો. તેમની દરેક વર્ષગાંઠે હોળી ઉપર અમે બહાર એક જગ્યાએ ભેગાં થતાં અને ખૂબ આનંદ કરતાં. આજે એક વાત હું જરૂર કહીશ કે અમદાવાદ સ્થાયી થયા બાદ મારાં માતુશ્રીના જીવનમાં વસુમાસીને કારણે આનંદ અને માત્ર આનંદ ફેલાઈ ગયો. તે જીવનપર્યંત માસીના સાંનિધ્યમાં જીવંત રહ્યાં. માસીનો અભિગમ આનંદપ્રાપ્તિનો હતો. અનેક ગમતી પ્રવૃત્તિઓ દ્વારા નિજાનંદ એ જ તેમનો મુદ્રાલેખ.

એમના જીવનના બનેલા એક પ્રસંગનો હું સાક્ષી છું. એમને ઘેર એક વાર ચોરી થયેલી. ઘણી ગમતી વસ્તુઓ ચોરાઈ ગયેલી. પહેલાં તો તે ફરિયાદ કરવા પણ નહોતાં ઇચ્છતાં, પણ ચોરાયેલી વસ્તુઓમાં એમનાં પ્રિય પત્તાંની કૅટ પણ હતી. આ કૅટ બીજી બધી કૅટથી જુદી હતી અને એ તેમને કોઈએ ભેટ આપેલી. ભેટમાં આપેલી વસ્તુ ચોરાઈ એનું તેમને દુઃખ હતું. તેમણે પોલીસમાં ફરિયાદ કરી. ચોર પકડાઈ ગયો. તે ચોરને મળવા પોલીસ સ્ટેશન ગયેલાં અને તેને કહ્યું, 'તું મારા ઘેર આવીને ગયો અને મને ખબર પણ ના પડી! હવે તું ફરીથી આવ, આપણે સાથે બેસીને ચા પીશું.' મેં માસીને પૂછ્યું, 'માસી, ચોર માટે આવો અભિગમ કેમ?' એમણે મને પૂછ્યું, 'તેં કોઈ દિવસ ચોરી કરી છે?' મેં કહ્યું, 'ના'. તેમણે કહ્યું, 'મેં પણ નથી કરી તો તેણે જ કેમ કરી? ચોરી કરવી ખરાબ છે, એ ગુનો છે, પણ આપણી, આપણા સમાજની પણ જવાબદારી છે કે આવા ચોર સમાજમાં પેદા જ ના થાય. ચોરને માત્ર સજા જ કરવી પૂરતી નથી એને ચોરી ના કરવી પડે તેવા સંજોગો સમાજે ઊભા કરવા જોઈએ. મોટા ભાગના લોકો મજબૂરીને કારણે ચોરી કરતા હોય છે. એમની આ પ્રતિક્રિયામાં મને એમનામાં રહેલા સમાજસુધારક આત્માનો પરિચય થયો.

વસુમાસીનાં ગુરુ આનંદમયી 'મા'. તેમને 'મા'માં પૂર્ણ શ્રદ્ધા. આ શ્રદ્ધાના મને પણ ઘણા અનુભવ થયા. એક વાર માસી રાજકોટ ઑલ ઇન્ડિયા રેડિયોમાં કાર્યરત હતાં ત્યારે 'મા' મોરબી પધારવાનાં હતાં. માસીની ઇચ્છા કે હું પણ 'મા'નાં દર્શન કરી કૃતકૃત્ય થાઉં. મને તેમણે રાજકોટ બોલાવ્યો, પણ ત્યાં જઈને જોયું તો માસી ઉદાસ બેઠાં હતાં. મને કહ્યું કે 'તું આવ્યો તો ખરો, પણ હવે આપણાથી મોરબી નહીં જવાય. કારણ મારી ગાડી બગડી ગઈ છે. હવે જો 'મા'ને આપણને બોલાવવાં હશે તો કોઈ સગવડ કરી આપશે.' મને તેમની શ્રદ્ધા પર અચરજ થયું.

પણ તેમની 'મા' પરની શ્રદ્ધા અતૂટ હતી. થોડા સમય પછી એક ભાઈ, જે શિક્ષણ ખાતાના ઊંચા હોદ્દા પર હતા, માસી પાસે આવ્યા. તેમણે માસીને કહ્યું, 'વસુબહેન, હું તમારી પાસે એક ખાસ કામ માટે આવ્યો છું. મારે મોરબી 'મા'નાં દર્શન માટે જવું છે. તમે સાથે હશો તો મને 'મા'નાં દર્શન સારી રીતે થશે.' માસી મારી સામે જોઈને હસી પડ્યાં અને એ ભાઈને કહ્યું, 'તમે નથી આવ્યા, 'મા'એ તમને મોકલ્યા છે.'

અમે એ ભાઈની ગાડીમાં મોરબી પૅલેસમાં ગયાં જ્યાં 'મા'નો ઉતારો હતો. અમે ગયાં એ સમયે કૃષ્ણશંકર શાસ્ત્રીજીનું વ્યાખ્યાન ચાલુ હતું. પૅલેસને ત્રણ દરવાજા. પહેલા દરવાજાથી આમ પ્રજા પગપાળા આવતી હતી, બીજા દરવાજાથી વાહનો આવતાં હતાં અને ત્રીજો દરવાજો માત્ર રૉયલ ફૅમિલીના સભ્યો માટે હતો, ત્યાં પહેરેદાર ઊભા રહેતા. અમે જ્યારે ત્રીજા દરવાજે પહોંચ્યાં ત્યારે ત્યાં કોઈ નહોતું અને ડ્રાઇવરને પણ ઉપર્યુક્ત ગોઠવણ અંગે કંઈ જ જાણ નહોતી એટલે જ્યારે ત્રીજા દરવાજેથી ગાડી અંદર લીધી તો છેક ડાયસ પાસે પહોંચી ગઈ અને અમને રૉયલ ફૅમિલીની પહેલી લાઇનમાં બેસાડ્યાં અને 'મા'નાં સંપૂર્ણ દર્શન થયાં.

ત્યાર બાદ આરતી થવાની હતી જે અલાયદા રૂમમાં હતી. બહુ જૂજ વ્યક્તિઓને અંદર પ્રવેશ મળ્યો હતો. માસીને કારણે અમને પણ આરતીમાં જોડાવાનો લાભ મળ્યો. પેલા ભાઈએ માસીનો આભાર માનતાં કહ્યું પણ ખરું કે મારું તમારી સાથે 'મા'નાં દર્શન માટે આવવાનું સફળ થયું.

મોરબીના પૅલેસમાં જ 'મા'નો મને અન્ય અનુભવ થયો. અમે બેઠાં હતાં એ સમયે પોરબંદરના નાનજી કાલિદાસનાં દીકરી સવિતાબહેન 'મા'નાં દર્શને આવેલાં. 'મા'એ તેમને ખૂબ પ્રેમથી પોતાની પાસે બોલાવી સ્વહસ્તે સફરજનનો પ્રસાદ આપ્યો. થોડા સમય પછી સવિતાબહેને 'મા' પાસેથી જવાની ઇચ્છા વ્યક્ત કરી. 'મા'એ આગ્રહપૂર્વક એમને રોકાઈ જવા કહ્યું, પણ સવિતાબહેનને અગત્યનું કામ હતું તેથી રોકાઈ ના શક્યાં અને 'મા'ને પ્રણામ કરી નીકળી ગયાં.

થોડી વાર પછી 'મા'ના આશીર્વાદ લઈ પ્રણામ કરી અમે પણ નીકળ્યાં. અમે ચાલતાં અમારી ગાડી તરફ જઈ રહ્યાં હતાં ત્યાં સામેથી સવિતાબહેનની ગાડી આવી. માસીને સવિતાબહેનનો પરિચય એટલે તેમણે પૂછ્યું, 'કેમ સવિતાબહેન પાછાં આવ્યાં?' સવિતાબહેને કહ્યું, 'મા'એ ના પાડી હતી અને હું ગઈ, પણ મારી ફ્લાઇટ કૅન્સલ થઈ ગઈ! 'મા'નો આ અદ્ભુત પરિચય!

'મા'માં રહેલી શ્રદ્ધાએ જ માસીને જીવનપર્યંત ટકાવી રાખેલાં. કોઈ પણ સમસ્યાનો હલ તેમને તેમનાં 'મા' પાસેથી મળી રહેતો. બકુબહેને તેમની 30 વર્ષ સુધી એકધારી સેવા કરેલી. અચાનક તેમના અવસાનથી અમે સૌ સ્તબ્ધ થઈ ગયેલાં. ચિંતા થઈ હતી કે હવે માસી પાસે કોણ? પણ માસીનો એક જ જવાબ રહેતો: 'મા' છેને તે જોશે અને સાચે જ 'મા'એ તેમનો જીવનપર્યંત ખ્યાલ રાખ્યો. પાર્વતીબહેનના રૂપમાં બીજાં બકુબહેન મળી ગયાં!

મને તેમના જીવનના અંતિમ સમય સુધી સાથે રહેવાનો મોકો મળ્યો. તેમની જીવંત વૃદ્ધાવસ્થાનો હું સાક્ષી છું.



# લોનાવાલા પ્રવાસ

ઇન્દિરા પટેલ

'આનંદમ્'નાં સાથી મિત્ર

વસુબહેન પ્રતિભાવાન તથા ચુંબકત્વ ધરાવતાં મહિલા હતાં. એકલાં રહેવા છતાં એમના ઘરમાં ચાર-પાંચ બહેનોનો ડાયરો જામેલો હોય. એમની પોતાની એક ટીમ હતી. તેમાં ભાઈઓ તથા બહેનોનો સમાવેશ થતો હતો. મોટા ભાગનાં શિક્ષણ સાથે જોડાયેલાં હતાં. ગાયક, કલાકાર, કવિ, લેખક વગેરે જોવા મળતાં હતાં.

એક વાર સાંજના સમયે વસુબહેન આમ ડાયરો જમાવીને બેઠાં હતાં ત્યારે જીવનસંધ્યાના વીરબાળા નાગરવાડિયા કે જેમણે વૃદ્ધો સારુ જીવન જીવી શકે અને વૃદ્ધ બહેનોના કલ્યાણમાં પોતાનું જીવન સમર્પિત કરેલું તેમણે બે દિવસ પહેલાં જીવનસંધ્યામાં એક જાહેર સમારંભમાં એક બહેને પ્રવાસમાં એમણે માણેલી જાતજાતની તથા ભાતભાતની મજાનો ઉલ્લેખ કર્યો હતો. વીરબાળાબહેનની વાત સાંભળીને વસુબહેને એક પ્રસ્તાવ મોકલ્યો. એમણે વીરબાળાબહેનને જણાવ્યું કે "આપના પરિવારનો એક ખાસ્સો મોટો બંગલો લોનાવલામાં છે. જો વીરાબહેન, આપને તકલીફ ન હોય તો પંદર બહેનોને લઈ લોનાવલાના બંગલે વર્ષાઋતુ માણવાની ઇચ્છા છે. ખાસ કરીને વર્ષાઋતુના વરસાદના જુદા જુદા પ્રકાર ત્યાં માણવાની મજા છે." વીરબાળાબહેને લોનાવલામાં બધું બરાબર છે કે નહીં તે તેમના પરિવાર પાસેથી જાણી લઈ બીજે દિવસે જણાવવાનું કહ્યું.

બીજા દિવસે વીરબાળાબહેનનો હકારાત્મક જવાબ મળતાં વસુબહેનના આનંદનો પાર રહ્યો નહીં. તાત્કાલિક એમણે એમની ટીમનાં સોહિણીબહેનને ફોન કર્યો અને પ્રવાસ માટે જરૂરી પંદર બહેનો માટેની બધી સામગ્રી તૈયાર કરવા જણાવ્યું. વસુબહેનની ટીમમાં દરેકને કોઈ ને કોઈ કામ સોંપવામાં આવેલું એટલે પ્રવાસમાં એથી ઝેડ સુધી જે કંઈ વસ્તુની જરૂરિયાત હોય તે બધી તૈયાર કરી લઈ જવામાં આવશે, જેમાં સીધાં-સામાનનો પણ સમાવેશ થતો હતો. પ્રવાસમાં હિસાબનું કામ હર્ષાબહેન સંભાળતાં, સોહિણીબહેન મૅનેજમેન્ટનું કાર્ય, જ્યારે મારા ભાગે રસોડાની સંપૂર્ણ જવાબદારી હતી.

લોનાવલા પહોંચવા માટે બે ભાગમાં પ્રવાસની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમાં અમદાવાદથી પૂના સુધી ટ્રેનમાં જવાનું હતું અને ત્યાંથી લોનાવલા બસમાં જવાનું હતું. વસુબહેનને ત્યાં એકત્ર થયેલાં પંદર બહેનોએ પરંપરાપૂર્વક પ્રાર્થના કરી અને હસતાં રમતાં સૌ આનંદ માણતાં રેલવે સ્ટેશન પહોંચી ગયાં અને નિરાંતે માલસામાન સાથે ટ્રેનમાં ગોઠવાઈ ગયાં. દરેકના મનમાં પ્રકૃતિનાં રમ્ય દશ્યો, વિવિધતાપૂર્ણ વરસાદ, મેઘધનુષ્ય અને ચોમાસાની ઋતુમાં માટીની મહેક આવે છે તે માણવાની ઉત્કંઠા હતી. લગભગ બે કલાક બાદ હળવા નાસ્તાની વ્યવસ્થા થઈ. નાસ્તા બાદ આખો કાફલો પૂર્ણ રંગે ચડ્યો. આજે મોટા ભાગની બહેનો તેમની ઉંમર ભૂલી ગઈ હતી. સિત્તેરથી પંચ્યાસી વર્ષની બહેનોમાં સોળ વર્ષની તરુણીના રોમૅન્ટિક ભાવની અનુભૂતિ થઈ ત્યારે લોનાવલા પહોંચીએ તેવો વિચાર થતાં કોણ જાણે બધાના આશ્ચર્ય સાથે પૂના પહોંચી ગયાં.

લોનાવલાનો પહેલો દિવસ, વરસાદની આગાહી નહોતી. વાતાવરણ રમણીય તથા ખુશનુમા હતું એટલે બધાએ નક્કી કર્યું કે ઈડલી-સંભાર અને લીલા ટોપરાની ચટણી ભોજનમાં બનાવીશું અને બાકીના સમયમાં આરામ કરીશું. ઈડલી-સંભાર તો લગભગ એક કલાકમાં તૈયાર થઈ ગયાં. બધાંને ભૂખ લાગી હતી એટલે ઝડપથી તેને ન્યાય આપવા માંડ્યાં. બધાંએ ઈડલી તથા કેટલાંકે સંભારનાં તથા કેટલાંકે લીલા ટોપરાની ચટણીનાં વખાણ કર્યાં. પછી માત્ર દસ મિનિટમાં સાફસૂફી કરી દરેક વ્યક્તિ પોતાની જરૂરિયાત પ્રમાણે જગ્યા શોધીને બંગલામાં આડી પડી. સૂતાંસૂતાં વરસાદની મજા માણવા વાત કરતાં હતાં. સાંજના સમયે ચા-પાણી પીધા પછી વરસાદની મજા માણવાની બાબતોમાં સૌ રત હતાં. ત્યાં જ સૌથી નાનાં અને ગાયક ગીતાબહેને એકદમ ઝંપલાવી દીધું, વરસાદનાં વધામણાં કરતાં પહેલાં ગીત ગાયું, ‘છાયું રે અંધારું, વાગે રે નગારું નભનું, રાજાધિરાજ મેઘરાજને ઘણી ખમ્મા.’ ગીત સાંભળવામાં બધાં એકદમ તલ્લીન થઈ ગયાં. લગભગ ચોથું ગીત ગીતાએ ગાવાનું શરૂ કર્યું, ત્યાં જ ચૂપકી દીધી. વરસાદ વરસવા માંડ્યો, વરસાદની જુદી જુદી ધારાઓ મળતી હતી ત્યારે એકદમ વાદળોની ગર્જના વચ્ચે તે તૂટી પડ્યો. નવા પ્રકારનું સંગીત રેલાયું. કેટલાંકને એ. આર. રહેમાનનું સંગીત સંભળાવા માંડ્યું, પણ તેનો સુવર્ણકાળ ઝાઝો ટક્યો નહીં. વરસાદનાં ઝાપટાંઓએ ખાસ્સું જોર પકડ્યું અને જોતજોતાંમાં રહેમાનનું સંગીત સંભળાતું બંધ થઈ ગયું અને વાદળાંની ગર્જનાએ માઝા મૂકવા માંડી. વરસાદના આ પ્રકારના સંગીતને સાંભળીને સૌ મુગ્ધ થઈ ગયાં. લગભગ વરસાદની આ રમણીય હેલી બે, અઢી કલાક ચાલી હશે. ત્યાર બાદ

વરસાદનું ભારણ ધીમું થવા માંડ્યું. તેવામાં રસોડાનાં ચાર્જવાળાં તેજસ્વીબહેને રસોડામાંથી દાળવડાં, કાંદા, લીલાં મરચાંની ડિશો ભરી સૌને એક એક ઉપાડો એમ જણાવ્યું. સૌ કોઈ વડું મોંમાં મૂકતાં જાય અને તેજસ્વીબહેનની પ્રશંસા કરતાં રહે. આમ લોનાવલાના વરસતા વરસાદની મજા માણવાની સૌને બહુ મજા પડી. બીજા દિવસે વરસાદની આગાહીમાં મોટા ભાગના લોકોમાં અંતકડી રમવાનું બાકી હતું. વધુમાં લોનાવલાના બજારમાં ઘૂમવાનું તેમ જ ત્યાંની જાણીતી વસ્તુ ખરીદવાની બાકી હતી એટલે નક્કી કરવામાં આવ્યું કે આજે ભોજન કર્યા પછી કલાક આરામ કર્યા બાદ અંતકડીની રમઝટ માણવાની, સાંજના સમયે બજારમાં જવાનું તેમ જ સારી હોટેલમાં ડિનર લઈ પરત ફરવાનું નક્કી કરવામાં આવ્યું. લગભગ જમ્યા પછી મોટા ભાગનાં તંદ્રાવસ્થામાં હતાં ત્યારે અચાનક ગીતાએ અંતકડીની શરૂઆત કરી દીધી. એ ગાવા માંડી, 'ગાતી ફિરું, ઊડતી ફિરું મસ્ત ગગન મેં... આજ મેં આઝાદ હૂં દુનિયા કે ચમન મેં... ફરીથી આજે હું આઝાદ છું એવું મોટેથી બોલી ત્યાં તો કોણ જાણે કેમ, મોટા ભાગનાં બહેનો જાતે રોમૅન્ટિક મૂડ અનુભવતાં કહેવા લાગ્યાં, 'તું એકલી નહીં, અમે સૌ આજે સંપૂર્ણ આઝાદ છીએ. ત્યાં 70 વર્ષનાં રમીલાબહેન, જે અપરિણીત અને શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલાં હતાં તેઓ પણ કલ્પનામાં ન આવે એવું બોલી ઊઠ્યાં, 'ઘર આયા મેરા પરદેશી...' એમના ગાવાથી લોકોમાં હાસ્યનું મોજું ફરી વળ્યું. ત્યાર બાદ લગભગ કલાક અંતકડી ચાલુ રહી હતી, જેમાં કવિતા, શ્લોકો વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. અંતે લગભગ અંતકડીનો અંત આવી રહ્યો હતો. સામાન્ય રીતે અંતકડીનો અંત લાવવાનો હક્ક વસુબહેને સુરભિબહેનને આપ્યો હતો. એટલે સુરભિબહેને બધી બહેનો સાંભળે તેમ મોટેથી ગાવા માંડ્યું, 'બહારો ફૂલ બરસાઓ મેરા મહેબૂબ આયા હૈ' સૌ હસતા મોંએ એનો સ્વીકાર કર્યો અને અંતકડી પૂર્ણ થઈ.

ત્યાર બાદ ચા-પાણીને ન્યાય આપ્યો અને બજારમાં ફરવા માટે સજ્જ થવા સૌ સૌના રૂમમાં ગયાં. લગભગ પોણા કલાક પછી પંદર બહેનોનો કાફલો તૈયાર થઈ ગયો. લગભગ બે કલાક બજારમાં દુકાને દુકાને ફરી તેમને ગમતી અને ત્યાંની જાણીતી ચીજવસ્તુ ખરીદવામાં આવી. લગભગ દરેક વ્યક્તિએ ચીકી અને કોકમના શરબતની ખરીદી કરી. પછી સૌ સોહિણીબહેને નક્કી કરેલી હોટેલે પહોંચ્યાં. લોનાવલાને લગતું ડિનર કરી તૃપ્ત થયાં અને બજારની રોનક માણતાં માણતાં બંગલે પાછાં ફર્યાં.

પછી આવ્યો છેલ્લો દિવસ એટલે બીજા દિવસની થોડી શક્ય હોય તેવી સગવડ કરી સૌ વાતોએ વળગ્યાં. એક બહેને વસુબહેનને કહ્યું કે દિવાળીનો પ્રવાસ ઊભો જ રાખવાનો છે અને સૌ સંમત થયાં.

બીજા દિવસે નાહીધોઈ, જમીપરવારી બપોરના સમયે સૌ પોતપોતાનાં બિસ્તરા-પોટલાં બાંધી તૈયાર થઈ ગયાં. બધાંએ ખાસ કરીને વીરબાળાબહેન તથા વસુબહેનનો આભાર વ્યક્ત કરી અભિવાદન કર્યું અને એમના નામની જય બોલાવી. લોનાવલાથી અમદાવાદ પહોંચવા માટે પૂનાથી ગાડી પકડવાની હતી. બસ-ડ્રાઇવર સમયસર આવી ગયો હતો. સૌ પોતાના સરસામાન સાથે બસમાં ગોઠવાઈ ગયાં હતાં. લોનાવલાની છેલ્લી વિદાય સાથે બસ પૂન તરફ આવવા માંડી. સોહિણીબહેને અમદાવાદની ગાડી 9 વાગ્યે ઊપડવાની છે, તે ધ્યાનમાં રાખી બસ-ડ્રાઇવરને મોડોમાં મોડાં 8 વાગ્યે પૂના પહોંચાડવા જણાવ્યું હતું. બસની સફર માણતાં માણતાં લગભગ 8 વાગ્યે પૂના સ્ટેશને આવી પહોંચ્યાં. પછી બધાં સામાન લઈને બસમાંથી ઊતરી ગયાં. ત્યાં જ બધાએ ફાળ પડે એવા સમાચાર સાંભળ્યા. અમદાવાદની ગાડી 9 વાગ્યાને બદલે 8 વાગ્યે ઊપડે છે. બધાં હાંફળાંફાંફળાં થઈ ગયાં, પરંતુ વસુબહેને સમયસૂચકતા વાપરી બધી બહેનોને બસના ડ્રાઇવર તથા રેલવેના પોર્ટરની મદદ લઈ બને તેટલી ઝડપથી સામાન રિઝર્વ ડબ્બામાં મૂકી દેવડાવ્યો. ગાડી ઊપડી ના જાય તે માટે વસુબહેન અને વીરબાળાબહેન ગાર્ડ પાસે પહોંચી ગયાં અને ગાર્ડને દસેક મિનિટ વધારે ગાડી થોભાવવાની વિનંતી કરી. વસુબહેનની પ્રતિભા તેમ જ વીરબાળાબહેનની આજીવન વૃદ્ધાશ્રમની સેવાને ધ્યાનમાં રાખી ગાર્ડે વિનંતીનો સ્વીકાર કર્યો. પૂરેપૂરો સામાન ડબ્બામાં યોગ્ય સ્થાને ગોઠવાઈ ગયો ત્યાર બાદ ગાર્ડે ગાડી ઉપાડી. રેલવેના રિઝર્વ ડબ્બામાં બેઠેલા સૌએ વસુબહેનની સમયસૂચકતા તથા પ્રતિભાનાં ખૂબ જ વખાણ કર્યાં. અંતે સૌ અમદાવાદ હેમખેમ પહોંચી ગયાં.

# સંભારણાં

## ઇલા ભટ્ટ

ઑલ ઇન્ડિયા રેડિયોથી એ સમયે હું બહુ પરિચિત નહોતી, પણ એક વખત મજૂર મહાજનની ઑફિસમાં રેકૉર્ડિંગ માટે આવ્યાં ને મને કાર્યક્રમમાં ભાગ લેવા મોકલી. હું નાનપણથી જ બોલવામાં અચકાતી... stammer કરતી એટલે રેડિયો માટે બોલવાનું કહ્યું ને હું બહુ જ ગભરાઈ ગઈ. મને આગળના રૂમમાં જઈ બોલવાની પ્રૅક્ટિસ કરવા કહ્યું.

પછી જુદા રૂમમાં રેકૉર્ડિંગ કર્યું ત્યારે બહુ જ બીક લાગી, પણ રૂમમાંથી બહાર આવી ત્યારે એક ઊંચાં બહેને મને પીઠ થાબડીને કહ્યું, 'કેવી રીતે બોલ્યાં એ નહીં, પણ શું બોલ્યાં એ અગત્યનું છે. સરસ બોલ્યાં.' વસુબહેન સાથેની મારી આ પહેલી મુલાકાત. પછી તો રેકૉર્ડિંગમાં અવારનવાર જોયેલાં. But when it was announced that she was appointed as Director, All India Radio. I was very happy. ખુશી કરતાં ગૌરવ વધારે થયું કે વસુબહેન એક મોટાં ડિરેક્ટરની ખુરશીમાં બેસશે.

એમની ઊંચાઈ, આંખો, બોલવાની શૈલી, આખી Personality ગરિમાપૂર્ણ... જે મને બહુ યાદ રહી ગઈ છે.

મજૂર મહાજનમાંથી મને જ્યારે વિદાય કરીને મારું જે અપમાન થયું એ વાતને જાણે જાહેર અન્યાય થયો હોય તેમ વસુબહેને કહેલું કે 'ગાંધીની-અનસૂયાબહેનની સંસ્થામાં આ કેમ ચાલે?' ને આ વાત તેમણે જાહેરમાં એટલે રેડિયો પર કહેલી. વસુબહેન સિવાય મારા વિશે એ સમયે આ રીતે કહેવાની કોઈની હિંમત નહોતી... છાપાંઓની પણ નહીં! સ્ત્રીસંસ્થાઓને માટે પણ પ્રશ્ન નહોતો, કારણ કે આ સ્ત્રીનો પ્રશ્ન નહોતો... મિલમજૂરોએ પણ support ન કર્યો. 'તમે જાઓ ને તમારી બહેનોને લઈ જાઓ.' પણ વસુબહેને મારા એ કપરા સમયમાં support કર્યો.

પછી તો હું મારી સંસ્થા 'સેવા'માં વ્યસ્ત થઈ ગઈ, પણ દિવાળીમાં વસુબહેનને

મળવા જતાં. વળી ફોન કરી પૂછતાં, 'કેમ શું ચાલે છે ઇલા?' ને હું કહું 'જીવું છું.' હું કરું એના કરતાં એ વધુ ફોન કરતાં! એમને મારા સાડલા બહુ ગમતા એટલે મળવાનાં હોઈએ તે પહેલાં ફોન કરી પૂછતાં કે 'આજે શું પહેરીને આવીશ?' તો મજાકમાં હું કહેતી 'સ્વિમિંગ સૂટ'!

અમે બંને વર્ષમાં એક વખત આસ્ટોડિયા દરવાજા પાસે આવેલા શુભમ્ હૉલની મીટિંગ માટે મળતાં. આ હૉલ સસ્તામાં સાદાઈથી લગ્ન કરાવી આપે. અને હું હંમેશાં લગ્નમાં સાદાઈની આગ્રહી એટલે મારી 'સેવા'ની બહેનોનાં લગ્ન પણ અહીં થતાં. શુભમ્ હૉલની આ વાર્ષિક મીટિંગમાં જસ્ટિસ બી. જે. દીવાન, સંસ્કૃતના અને વેદના જાણકાર ભગવતી પ્રસાદ પંડ્યા પણ આવતા. મીટિંગમાં કોનાં લગ્ન થયાં એ ઉપરાંત વેદપરંપરા, સંસ્કૃતના શ્લોકો વિશે પણ વાતો થતી. મને સંસ્કૃતના અમુક મંત્રો આવડે, પણ વસુબહેનને વેદના પંડિતો સાથે વેદ-પુરાણો વિશે ઊંડાણપૂર્વક ચર્ચા કરતાં જોઈ હું બહુ પ્રભાવિત થતી!

છેલ્લે વસુબહેન અશક્ત-કૃશ થઈ ગયાં હતાં, પણ તેમની આંખમાં એ જ આત્મીયતા concern ચમક!

*(18મી નવેમ્બર 2021ના દિવસે રૂપા મહેતા સાથે ઈલાબહેન ભટ્ટે કહેલાં પોતાના સંભારણાના આધારે)*

